ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૭ ટકા

# સ્વર્ણિમ પાર્ક ખાતે આજથી નિઃશુલ્ક યોગ તાલીમ વર્ગ



ગાંધીનગર, તા.૧૪

યોગ એ ભારતીય પ્રાચીન સંસ્કૃતિની અમૂલ્ય ભેટ છે. આજના ભાગદોડ વાળા જીવનમાં માનસિક તણાવ દૂર કરી પ્રફૂલ્લિત મનના વિકાસ માટે યોગ સાધના ઉપયોગી છે. છેલ્લા ચાર વર્ષથી સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ પાંચમા યોગ દિવસની ઉજવણી ગાંધીનગર જિલ્લામાં થનાર છે. વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે આજથી તા. ૨૦મી જૂન, ૨૦૧૯ દરમ્યાન દરરોજ સવારના ૬.૩૦ કલાકથી યોગના તાલીમ વર્ગનો આરંભ થયો છે. આ યોગ તાલીમ વર્ગમાં આજે મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા. નિઃશુલ્ક યોગ તાલીમ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા નગરજનોએ ૬.૩૦ કલાક પહેલા તાલીમના સ્થળે પોતાનું સ્થાન લેવા નમ્ર અનુરોધ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.



## ‘સ્ટાર્ટ અપ કનેક્ટ ૨૦૧૯’ વિષય પરનો એક દિવસીય વર્કશોપ પી.ડી.પી.યુ. ખાતે યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, સી.આઈ.આઈ તથા કે.પી.એમ.જી ના સંયુક્ત ઉપક્રમે ‘સ્ટાર્ટ અપ કનેક્ટ ૨૦૧૯’ વિષય પરના એક દિવસીય વર્કશોપનું આયોજન ગાંધીનગર નજીક આવેલી પી.ડી.પી.યુ. ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપને ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ.કે.દાસના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

વર્કશોપને ખુલ્લો મુકી ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે, ભારત સરકારે સ્ટાર્ટ અપ્સને પ્રોત્સાહન આપવા વર્ષ- ૨૦૧૬ માં ‘સ્ટાર્ટ અપ ઈન્ડિયા’ કાર્યક્રમ અમલી બનાવ્યો હતો. જેના થકી આજે ભારત વિશ્વમાં ઝડપથી વિકસતી અને બીજા નંબરની સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ ધરાવતો દેશ બની ગયો છે. વિશ્વના યુવા દેશ એવા ભારતના અનેક યુવાનોને સ્ટાર્ટ અપ ઈન્ડિયા કાર્યક્રમ તેમના બિઝેનસના




વિકાસ માટે મદદગાર બન્યો છે. ગુજરાત રાજ્ય દેશનું ઝડપી ઔધોગિકક્ષેત્રે વિકાસ કરતું રાજય બની રહ્યું છે.

વધુમાં અગ્ર સચિવ શ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે, રાજયના યુવાધનને ઔધોગિક ક્ષેત્રે વિકાસ કરવાની ઉજ્જવળ તકો મળે તે માટે રાજય સરકારે સ્ટાર્ટ અપ યોજના અમલી બનાવી છે. તે અંગેની વિસ્તૃત રસપ્રદ ઉપયોગી માહિતી ઉપસ્થિત નવયુવાનોને આપી હતી. રાજય સરકારે નક્કી કરેલી યોજનાઓ થકી યુવાનોને યોગ્ય માર્ગદર્શન અને તેમના ઈનોવેટીવ આઈડિયાઓને એક પ્લેટફોર્મ મળતાં યુવાનોને પોતાના ક્ષેત્રમાં આગળ જવાનો માર્ગ સરળ બની રહ્યો છે. પોતાના રસવાળા ક્ષેત્રમાં યુવાનો આગળ વધી રહ્યાં છે. રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ યુવાનોને નોકરીદાતા બની શકે તેવા સક્ષમ બનાવવા માટે અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસની દિશામાં સતત ચર્ચા-વિર્મશ કરી રહ્યા છે અને કાર્યશીલ છે.

આ પ્રસંગે સીઆઈઆઈ ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન શ્રી રાજુ શાહ, ઈકો ઈલેકિટ્રક ટેકનોલોજીના શ્રી ડાં. બિનીશ દેસાઈ, રાજયના સ્ટાર્ટ અપ્સના નોડલ ઓફિસર શ્રી આર.ડી.બારહટ સહિત નવયુવાન ઉધોગ સાહસિકોએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. નવયુવાનો દ્વારા પોતા કારર્કિદીમાં મદદગાર બની શકે તેવા અનેક પ્રશ્નો રજૂ કર્યા હતા. વક્તાઓ દ્વારા તેનો સંતોષ કારક ઉત્તર આપ્યા હતા. તેમજ ગૃપ ચર્ચા પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ખાનગી ક્ષેત્રના મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચિલોડાથી ગાંધીનગરના બેરીકેટ્સ પવનથી જમીનદોસ્ત

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા થી સરખેજ સુધીનો માર્ગ સીકસલેન બનવા જઈ રહ્યો છે. માર્ગનુ કામ ધમધોકાર ચાલી રહ્યું છે. ત્યારે માર્ગનું કામ ચાલુ હોવાથી બેરીકેટ્સ ઉભા કરાયા હતા.પંરતુ તાજેતરમાં વાયુ વાવાઝોડાની અસરને પગલે ફુંકાયેલા પવનથી ચિલોડા ગાંધીનગર માર્ગ પર તંત્ર દ્વારા નાગરીકોની સલામતી માટે મુકવામાં આવેલા તમામ બેરીકેટ્સ નીચે પડી ગયા હતા. સુસવાટા મારતા પવનથી અતિશય ભારે લોખંડના બેરી કેટ્સ પાંદળાની જેમ નમી પડ્યા હતા.



વાયુ નામના વાવાઝોડાને પગલે સમગ્ર રાજયનું તંત્ર એલર્ટ મોડ પર હતું. છેલ્લા ત્રણ દિવસથી તંત્રના અધિકારીઓ રાત દિવસ ઉજાગરા કરીને વાવાઝોડાની પળેપળની માહિતી મેળવી રહ્યા હતા. વાવાઝોડાને પહોંચી વળવા માટે સમગ્ર વહીવટી તંત્ર ખડેપગે સજ્જ હતું. ત્યારે વાવાઝોડાને લઈ ગાંધીનગર શહેરમાં પણ સતર્કતા પગલા લેવાયા હતા. તેમ છતા વાયુ વાવાઝોડાને પગલે શહેરમાં પણ ધીમી ધારે વરસાદ અને પવન ફુંકાયો હતો. જેમાં માર્ગો પરના અનેક વૃક્ષો ધરાશાયી થતા વાહન ચાલકો અટવાઈ ગયા હતા. કલાકો સુધી ટ્રાફિક જામના દશ્યો સર્જાય હતા. ત્યારે ચિલોડા-ગાંધીનગર માર્ગ સીકસલેનની કામગીરી ચાલી રહી છે જેને પગલે વાહનચાલકોની સલામતી માટે તંત્ર દ્વારા બેરીકેટ્સ આડશરૂપી મુકવામાં આવ્યા છે ત્યારે પવનના સુસવાટમાં આ લોખંડના વજનદાર બેરીકેટ્સ પણ પાંદડાની માફક ટપોટપ નીચે નમી પડ્યા હતા. આ દશ્ય જોઈને નાગરીકો પણ અચંબામાં પડી ગયા હતા.

## કલોલ ખાતે વિશ્વ રકતદાતા દિવસ ઉજવાયો

આજે તા. ૧૪મી જૂન વિશ્વ રકતદાતા દિવસ હતો. જેને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતેની ઈન્ડિયન રોડક્રોસ સોસાયટી સંચાલિત ‘બ્લડ બેંક’ દ્વારા વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. રકતદાન જાગૃતિ કાર્યક્રમમાં કલોલની સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાની આયુર્વેદિક, હોમિયોપેથી તથા નર્સિંગ કોલેજના ૧૮ થી ૨૫ વર્ષના યુવાનોને રકતદાનના મહત્વ અને ફાયદા અંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની કલોલ શાખાના સેક્રેટરી દિલીપ દવેએ માર્ગદર્શન પુરું પાડયું હતું. આ સાથે યુવાનોએ નિયમિત રકતદાન કરવાના શપથ પણ લીધા હતા. આ કાર્યક્રમમાં ૧૦ થી વધુ વાર રકતદાન કર્યું છે તેવા રકતદાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કલોલની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંચાલિત બ્લડ બેંક દ્વારા સમગ્ર જિલ્લામાં રકત પુરું પાડવાની સેવા આપવામાં આવે છે.



## આવતીકાલે સેકટર-૩-ડી ખાતે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

વિજ્ઞાનના સંશોધનો છતાં માનવ રકતનો કોઈ વિકલ્પ નથી. માનવ રકત અકસ્માત, રકતસ્રાવ, થેલેસેમિયા સહિત અનેક બિમારીઓની સારવારમાં કે ઓપરેશનમાં જીવનરક્ષક બની રહે છે. આ કારણે રકતદાનને મહાદાન ગણાવાયું છે. ગાંધીનગરના સૌહાર્દ ગૃપ દ્વારા માનવસેવાના ભાગરૂપે રકતદાન શિબિરનું આયોજન કર્યું છે.

સોહાર્દ ગૃપ દ્વારા આગામી તા. ૧૬મી જૂન રવિવારે સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૩-ડીની સરકારી પ્રાથમિક શાળાની સામે રામેશ્વર મંદિરના હોલ ખાતે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતેની ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ દ્વારા પુરી પાડવામાં આવશે. આ રકતદાન શિબિરમાં ભાગ લેવા શહેરના રકતદાતાઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શહેરમાં શોર્ટસર્કિટના બે બનાવ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભથી જ આગજનીના કિસ્સામાં વધારો થવા પામ્યો છે. શોર્ટ સર્કિટને પગલે આગ લાગવાના કિસ્સા પણ ધ્યાને આવ્યા છે. ઉનાળાને પગલે વધુ પડતા વિજકરણોનો ઉપયોગ અને વીજલોડને પગલે આગ લાગતી હોય છે. ત્યારે શહેરમાં ઉનાળાથી અત્યાર સુધી રોજના ફાયરમાં આગના એક બે કોલ આવે છે. ત્યારે આજે પણ શહેરમાં સેકટર-૬ ભુવનેશ્વર મંદિર સામે આવેલ ચીપ ટાઈપ શોંપીગ સેન્ટરની એક દુકાનમાં શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હતી.જેને પગલે આગના ધુમાડા નીકળતા વેપારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. બનાવ અંગે ફાયરને કોલ મળતા જ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈને આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હોવાનું ફાયર કર્મચારીઓનું પ્રાથમિક તારણ હતું. જયારે બીજા બનાવમાં એરફોર્સની કચેરી ખાતે પણ સવારના સુમારે શોર્ટ સર્કિટને પગલે આગ લાગી હતી. સામાન્ય આગ હોવાથી કર્મચારીઓએ ફાયર બિગ્રેડના જવાનો પહોંચે તે પહેલા જ આગ પર કાબુ મેળવી લીધો. શહેરના શોર્ટસર્કિટને પગલે આગ લાગવાના કિસ્સામાં વધારો નોંધાયો છે.

# માતા-પિતા તો જીંદગીના વૃક્ષનું મૂળ છે

**આજે ‘વિશ્વ સિનિયર સીટીઝન અબ્યુઝ અવેરનેસ ડે’ : વૃધ્ધોની થતી ઉપેક્ષા, તેમણે ભોગવવી પડતી આર્થિક પરિસ્થિતિ જેવી સમસ્યાઓ વિશે સજાગતા લાવવાનો દિવસ**

ગાંધીનગર, તા.૧૪

તમે ઘણું જીવો!! પહેલા જયારે મોટાઓ આશીર્વાદ આપતા અને ત્યારે કહેતા કે દીકરા ઘણું જીવો, સુખી થાવ અને ખૂબ પ્રગતિ કરો. આ આશીર્વાદ ફળ્યા અને ઘણું જીવ્યા તો ખરા પણ જીંદગી જીવવાના માપદંડ બદલાઈ ગયા. આખી જીંદગી જેણે પોતાના સંતાનોને ઉછેર્યા એમના પાછળ સમય, પૈસા અને શકિત બધું જ આપ્યું તેમને જોઈએ તે વસ્તુ કદાચ પોતાની ઈચ્છા શકિતને મારીને પણ પૂરી કરી એ જ વૃધ્ધ થઈ ગયેલા મા-બાપ આજે સંતાનની ઈચ્છાથી જ તેમના સાથે નથી રહેતા. આમ સંતાનની ઈચ્છા બંને વખતે તેમણે પુરી કરી અને નુકશાન પોતે જ ભોગવ્યું છતાં તે દીકરાને કાંઈ કહેશે નહી કે તેના વિશે ફરિયાદ પણ સાંભળે નહીં. આમ તો પહેલા સંયુકત કુટુંબની પ્રથા હતી અને હજુય ઘણા ઘરોમાં એ પ્રથા ચાલી રહી છે પરંતુ હાલના સમયમાં માતા પિતાને વૃધ્ધાશ્રમમાં મુકવાના દાખલા વધુ જોવા મળે છે અને આ સિવાય એક થી વધુ ભાઈઓ હોય તો છ છ મહિનાના વારા કાઢીને માતા પિતાને જુદા કરીને સાચવવાની પ્રથા ચાલી રહી છે. ઘરમાં આવનાર નવી વહુને જો સાસુ-સસરા સાથે ન ફાવે તો તે પતિને ફરિયાદ કરે જ રાખે છે છેલ્લે કંટાળીને બે જણામાંથી એકની પસંદગી કરવાનો વારો દિકરાને આવે છે અને એમાં વૃધ્ધ માતા પિતાને ઘર છોડવાનો વારો આવે છે. ઘણી બધી સામાજીક વિષમતા ને લીધે વૃધ્ધો પીડાતા જ રહે છે આજે આર્થિક રીતે સમૃધ્ધ સંતાનોને વડીલોની સાર સંભાળ માટે સમય નથી. તેઓ એમ નથી સમજતા કે આ એજ મા-બાપ છે જેમણે પૈસા હોય કે ન હોય તેમની ઈચ્છા પૂરી કરવા માટે કયારેય પરિસ્થિતિ કે પૈસા સામે નથી જોયું. આ અત્યંત બદલાતા ઝડપી યુગમાં સંતાનોને વડીલોની કાળજી લેવામાં રસ નથી તેઓ પાછા પડે છે હવે કાં તો તેમને સમય નથી અથવા તો તેમની ઈચ્છા શકિત નથી. આજે વૃધ્ધો પાસે વધુ સમય છે પણ તેમની સાથે સમય પસાર કરનાર કોઈ નથી.

આજે વૃધ્ધો પોતાનો દીકરો આર્થિક રીતે સધ્ધર હોવા છતાં આર્થિક રીતે પીડાઈ રહ્યા છે. વૃધ્ધાશ્રમના સહારે છે એ સિવાય જો ઘરમાં રહે તો વગર વાંકે તેઓ શોષાઈ રહ્યા છે. તેમને ગમતી વસ્તુ કરવા મળતી નથી દીકરાની સાથે રહેતા હોય તો તેમની ઈચ્છા મુજબ તેમના નિર્ણયો મુજબ ચાલવું પડે છે. કયારેક બે દીકરાઓના ઝઘડામાં વૃધ્ધ દંપતીએ અલગ અલગ રહેવું પડે છે તબિયત ખરાબ થાય અને જયારે લાગણી અને હુંફની જરુર હોય ત્યારે સંતાન પાસે નથી હોતા. ઘણીવાર તેમને તરછોડી દેવામાં આવે છે. ઘરડાઘરમાં મુકી અવાય છે અને થોડા ઘણા પૈસા ત્યાં જમા કરાવતા રહે છે. સંતાનો ઘણીવાર તો આ જવાબદારમાંથી પણ છટકી જાય છે. જે મા બાપે આંગળી પકડી ચાલતા શીખવ્યું તેજ મા-બાપને આંગળી પકડી ઘરની બહાર કાઢી દેવામાં આવે છે. આવી દરેક તકલીફો વિશે સજાગતા લાવવા ૧૫ જૂન ‘વિશ્વ સિનિયર સીટીઝન અબ્યુઝ અવેરનેસ ડે’ તરીકે ઉજવાય છે. જેનો ઉદ્દેશ વૃધ્ધોની થતી ઉપેક્ષા, તેમણે ભોગવવી પડતી આર્થિક પરિસ્થિતિની સમસ્યા જેવી દરેક સમસ્યાઓ વિશે સજાગતા લાવવાનો છે. આ દિવસ નિમિત્તે શહેરના વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધો સાથેની મુલાકાત....

● જયગોવિંદ ચંદુલાલ શાહ, કનકલતા જયગોવિંદ શાહ

અમે અહીં છેલ્લા ૧૭ વર્ષથી રહીએ છીએ. મારી ઉંમર ૭૫



વર્ષ અને પત્નિની ઉંમર ૭૭ વર્ષ છે. અમારે ૧ દિકરો અને ૨ દિકરી છે. હું કોટન મીલમાં સુપરવાઈઝર હતો. મીલ બંધ થઈ ગઈ આવક બંધ થઈ ગઈ. દીકરાને પ્રાઈવેટ કંપનીમાં નોકરી છે. અમારી એટલી આર્થિક પરિસ્થિતિ હતી નહીં. ભાડાના મકાનમાં રહેતા હતા અને બીજું કે દીકરાની વહુ સાથે એટલું ફાવ્યું પણ નહીં. એક દિવસ અમારી આ સ્થિતિ જોઈ એક બેન અમને અહીં મુકી ગયા બીજો કોઈ રસ્તો ન હોય તો અહીં રહેવું જ પડે. બહાર રસ્તા પર રહેવું એના કરતા અહીં રહેવું વધુ સારું અને બે ટાઈમ જમવાનું અને ૩ ટાઈમ ચા મળે એનાથી વધુ શું જોઈએ? મારા સંતાનો અમને મળવા આવે છે ખરા! પણ મારા મતે તો આ રીતે ચાલે જ રાખશે. બહુ ઓછા સંતાનો હશે કે જે મા-બાપને તરછોડતા નથી.

● ચેતન ત્રિવેદી

હું આમ તો મૂળ જૂનાગઢનો વતની પણ સ્કૂલ શિક્ષક તરીકે નોકરી પુરી થતા અમદાવાદ સ્થાયી થયો હતો. મારા દીકરીના જન્મના



૩ વર્ષ પછી મારી પત્નિનું મૃત્યુ થઈ ગયું અને મેં એને એકલા હાથે ઉછેરી. મારા મતે દીકરો હોવો જ જોઈએ એવું જરુરી નથી. દીકરીને જેટલી લાગણી હોય તેટલી કદાચ દીકરામાં નહીં હોય. આજની મહિલા એટલી સશકત થઈ છે કે એ તમે કયાંક પાછા પડતા હોય તો આગળ વધવાની હિંમત આપે છે. અને ખડેપગે તમારી સાથે ઉભી રહે છે. મારા ઘરમાં કોઈ એવું વાતાવરણ ન હતું કે મારે વૃધ્ધાશ્રમ આવવું જ પડે. મારી મરજીથી જ અહીં હું છું. લગભગ ૯ વર્ષથી. મને વાંચન અને સંગીતનો ખૂબ જ શોખ છે મારો વધુ સમય હું એમાં જ પસાર કરું છું.


● યોગેશ પંચાલ

મારો પોતાનો લોખંડનો ધંધો હતો મારી હાલ ઉંમર ૭૨ વર્ષ છે. મારે ૨ દિકરા અને ૧ દિકરી છે. હું ૭ વર્ષથી અહીં છું. મારા મતે દિકરાની વહુ સાથે કાયમ રહીએ એના કરતા દૂર રહીને માન જાળવીએ તે વધુ સારું!! એમ તો હું દર મહિને બે દિવસ દિકરાના ઘરે રોકાઈ



આવં છું બધાને મળતો આવું છું અને અહીં સરખી ઉંમરના લોકો સાથે રહેવાની મજા આવે છે તેમના સાથે ટીખળ મસ્તી કરી શકાય છે. મારા મતે દરેક વ્યકિત પોતાના વિચારોથી ચાલે છે. જરુરી નથી દર વખતે દિકરા-દીકરી-વહુનો વાંક હોય. અમુકવાર મા-બાપની પણ ભૂલ હોય છે. છોકરો બે બાજુમાંથી કઈ બાજુ રહેવું કોનો પક્ષ લેવો તે જ ગૂંચવણમાં રહે છે.

● બી.કે. અધિકારી



હું બિહારનો વતની છું. મારી ઉંમર ૮૫ વર્ષ છે. મેં ડબલ એમ.એ. હિન્દી અને અંગ્રેજીમાં કર્યું છે. મારે ૧ દીકરો અને ૧ દીકરી છે. હું નેપાળમાં ઈલેકટ્રીક કંપનીમાં કામ કરતો હતો. છેલ્લા છ વર્ષથી અહીં છું. મારો દીકરો યુએસએ છે હું પણ જઈ આવ્યો, દીકરાએ કહ્યું હતું કે યુએસએમાં રહી જાવ પણ મને ભારતમાં જ ગમે છે. મારી દીકરી અહીં જ પેથાપુરમાં ટીચર છે જે મને અહીં મુકી ગઈ છે મને મળવા પણ આવે છે.

● નગિનદાસ કસ્તુરદાસ ચૌહાણ



હું ગોધરાનો વતની છું અને દરજી કામ કરતો હતો મારી ઉંમર ૮૫ જેટલી છે. દિકરો છે અને ૨ દિકરી છે. દિકરાએ લગ્ન નથી કર્યા તેનું રહેવાનું કોઈ ઠેકાણું નથી. પત્નિના નિધન થયા પછી દિકરી અહીં મુકી ગઈ જે અત્યારે હયાત નથી. એક દિકરી અને દિકરો જે મળવા આવે છે. લગભગ વીસેક વર્ષથી હું અહીં વૃધ્ધાશ્રમમાં છું.

● અરૂણ સાંઠે



હું વ્યવસાયે ડ્રાઈવર હતો અહીં છ વર્ષથી છું. મારી ઉંમર ૬૩ વર્ષ છે. મારા માતા પિતાની સેવા અર્થે મેં લગ્ન નથી કર્યા અને મારો વ્યવસાય પણ હરવા ફરવાનો હતો અને સમય પણ ન રહ્યો. એકિસડન્ટમાં એક આંખ જતી રહી અને હમણાં ડાયાબિટીસ આવ્યું તો બીજી પણ જતી રહી પણ મેં હાર નથી માની. મારા મતે હાર માન્યા વગર કામ કરતા રહેવું જોઈએ. ગમે તે પરિસ્થિતિનો સામનો કરીને પણ.